### ધારિયા, પાઇપ અને લાકડાના ડંડા વડે સામસામે હુમલામાં મહિલાઓ સહિત અનેક લોહીલુહાણ

# નડિયાદના ચલાલીમાં ફટાકડા ફોડવા બાબતે બે જૂથો વચ્ચે લોહિયાળ જંગ

**મૃતક** પુત્રની જન્મતિથિની ઉજવણીમાં હિંસક અથડામણ

**15 શખ્સો** સામે રાયોટિંગનો ગુનો દાખલ



(પ્રતિનિધિ) નડિયાદ તા.23

નડિયાદ તાલુકાના ચલાલી ગામના નવાપુરા વિસ્તારમાં રવિવારે રાત્રે એક ગમખ્વાર ઘટના બની હતી. અહીં એક પરિવાર દ્વારા તેમના મૃતક પુત્રની યાદમાં યોજાયેલી જન્મતિથિની ઉજવણી દરમિયાન ફટાકડા ફોડવા જેવી સામાન્ય બાબતે પાડોશીઓ વચ્ચે લોહિયાળ સંઘર્ષ થયો હતો, જેમાં બંને પક્ષે મહિલાઓ સહિત અનેક લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.

આ ઘટનાની વિગત ચલાલી ગામમાં રહેતા કમલેશભાઈ તળપદાના પુત્ર આદિત્ય (જેનું 2021માં અવસાન થયું હતું) ની જન્મતિથિ નિમિત્તે પરિવાર કેક કાપીને ઉજવણી કરી રહ્યો હતો. આ સમયે ફટાકડા ફોડવા અંગેની વાતચીતથી પાડોશમાં રહેતા અશોકભાઈ તળપદા સાથે બોલાચાલી થઈ હતી. કમલેશભાઈની ફરિયાદ અનુસાર, અશોકભાઈ સહિતના સાત લોકોએ ટોળું વળી લાકડાના ડંડા અને લોખંડની પાઈપ વડે હુમલો કર્યો હતો, જેમાં અંજલીબેન અને કમળાબેન સહિત ચાર લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

સામસામે ફરિયાદ અને પોલીસ કાર્યવાહી સામા પક્ષે અશોકભાઈ તળપદાએ પણ વળતી ફરિયાદ નોંધાવી છે. તેમણે આક્ષેપ કર્યો છે કે ફટાકડા બાબતે પૂછપરછ કરતા કમલેશભાઈ અને અન્ય આઠ લોકોએ તેમના પર ધારિયા અને ડંડા વડે હુમલો કર્યો હતો. આ અથડામણમાં અશોકભાઈના પક્ષના સભ્યોને પણ ઈજાઓ થઈ હતી. નડિયાદ સિવિલ હોસ્પિટલના તબીબોએ ગંભીર હાલત જોતા ચાર ઈજાગ્રસ્તોને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ રિફર કર્યા છે. ચકલાસી પોલીસે આ મામલે બંને પક્ષોની ફરિયાદના આધારે કુલ 15 શખ્સો સામે રાયોટિંગ, હુમલો અને જાનથી મારી નાખવાની ધમકી આપવા બદલ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઉમરેઠના જીતપુરા પાસે નહેરમાં કાર ખાબકી: ચાલકનું કરૂણ મોત

**ફાયર** બ્રિગેડ અને તરવૈયાઓએ ભારે જહેમત બાદ મૃતદેહ અને કાર બહાર કાઢ્યા



(પ્રતિનિધિ) ઉમરેઠ તા.23

ઉમરેઠ તાલુકાના જીતપુરા પાસેથી પસાર થતી મોટી કેનાલમાં ગત સાંજે એક કાર અનિયંત્રિત થઈ ખાબકતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં કાર ચાલકનું પાણીમાં ગરકાવ થઈ જવાથી કરૂણ મોત નિપજ્યું હતું. આ ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમોએ સ્થળ પર પહોંચી બચાવ કામગીરી હાથ ધરી હતી.

ઉમરેઠના જીતપુરા પાસે સાંજના સમયે જીજે 23 એએન 1923 (GJ 23 AN 1923) નંબરની એક કાર અચાનક મોટી નહેરમાં ખાબકી હતી. નહેરના પાણીમાં કાર ખાબકતા જોઈ સ્થાનિકોએ તાત્કાલિક પોલીસનો સંપર્ક કર્યો હતો. આ બનાવની ગંભીરતાને ધ્યાને લઈ ખંભોળજ પોલીસ, ઉમરેઠ 112 પોલીસ ટીમ અને ઉમરેઠ ફાયર બ્રિગેડની ટીમ ગણતરીની મિનિટોમાં જ ઘટનાસ્થળે દોડી આવી હતી.

અલબત્ત, કાર પાણીમાં ગરકાવ થઈ ગઈ હોવાથી તેની સાથે ચાલકનો પણ કોઈ પત્તો લાગ્યો ન હતો. રાત્રિના અંધારામાં બચાવ કામગીરી પડકારજનક હોવા છતાં, તરવૈયાઓએ નહેરના સામા છેડેથી લાઈટોના પ્રકાશની મદદ લઈ શોધખોળ શરૂ કરી હતી. લાંબી શોધખોળ બાદ કારમાં ફસાયેલી હાલતમાં ચાલક કૃણાલભાઈ (પિન્ટુ)નો મૃતદેહ મળી આવ્યો હતો, જેને તરવૈયાઓએ સાવચેતીપૂર્વક બહાર કાઢ્યો હતો. મૃતદેહને બહાર કાઢ્યા બાદ નહેરમાં ડૂબેલી કારને બહાર કાઢવાની કવાયત હાથ ધરવામાં આવી હતી. ટ્રેક્ટર અને જેસીબી મશીનની મદદથી દોરડા બાંધીને ભારે જહેમત બાદ કારને કેનાલમાંથી બહાર ખેંચી કાઢવામાં આવી હતી.

### લુણાવાડામાં 2009માં રિસરફેસિંગ થયેલો માર્ગ અત્યારે ખાડાઓમાં ગરકાવ

# લુણાવાડાના મોટા સોનેલાવમાં 11 વર્ષથી બિસ્માર રસ્તાથી રોષ

(પ્રતિનિધિ) લુણાવાડા તા.23

મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના મોટા સોનેલાવ ગામે પાલીવાલ ડેરીથી રાણપુર-પાલ્લા સુધીનો મુખ્ય રસ્તો છેલ્લા ઘણા સમયથી અત્યંત બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયો છે. આ રસ્તાના નવીનીકરણ અને વાઈડનીંગ (પહોળો કરવા) માટે સ્થાનિકો દ્વારા લાંબા સમયથી ઉગ્ર માંગ કરવામાં આવી રહી છે, પરંતુ તંત્ર દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં ન આવતા ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.



પ્રાપ્ત વિગતો અનુસાર, મોટા સોનેલાવ ગામના આ રસ્તાનું છેલ્લે રીસરફેસીંગ વર્ષ 2009માં કરવામાં આવ્યું હતું. રસ્તાનો ગેરંટી પિરિયડ વર્ષ 2016માં જ પૂર્ણ થઈ ચૂક્યો હોવા છતાં નવો રસ્તો બનાવવામાં આવ્યો નથી, જેના પરિણામે છેલ્લા 11 વર્ષથી આ રસ્તો જર્જરિત હાલતમાં છે. રસ્તા પર પડેલા મોટા ખાડાઓને કારણે વાહનચાલકો અને રાહદારીઓને પસાર થવામાં ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. રસ્તો સાંકડો અને બિસ્માર હોવાથી અહીં સતત નાના-મોટા અકસ્માતોની ભીતિ સેવાઈ રહી છે.

આ અંગે સ્થાનિકોના જણાવ્યા અનુસાર, વિસ્તારના લોકો દ્વારા છેલ્લા એક દાયકાથી આ રસ્તાને વાઈડનીંગ સાથે નવો બનાવવા માટે અનેકવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે. પ્રજાની સુખાકારી અને વાહનવ્યવહારની સરળતા માટે આ રસ્તાને મંજૂરી આપી સત્વરે કામગીરી શરૂ કરવામાં આવે તેવી ખાસ ભલામણ સરકાર અને સંબંધિત વિભાગને કરવામાં આવી છે. જો આ રસ્તાનું કામ વહેલી તકે હાથ ધરવામાં નહીં આવે, તો આગામી સમયમાં સ્થાનિકો દ્વારા આંદોલનાત્મક પગલાં લેવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

# નીલગાયના શિકાર કેસમાં 4 શખસના જામીન નામંજૂર

(પ્રતિનિધિ) આણંદ તા.23

આણંદ જિલ્લાના સામાજિક વનીકરણ વિભાગ હસ્તકની આંકલાવ રેન્જમાં ગંભીરા ભાઠા વિસ્તારમાં થયેલા નીલગાયના શિકારના ગંભીર ગુનામાં પકડાયેલા ચાર આરોપીઓને કોર્ટે જામીન આપવાનો ઈનકાર કર્યો છે. ગત 15મી માર્ચ, 2026 ના રોજ બનેલી આ ઘટનામાં વન વિભાગે ત્વરિત કાર્યવાહી કરી આરોપીઓ વિરુદ્ધ વન્ય જીવ સંરક્ષણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી જેલભેગા કર્યા હતા.

આ ઘટનાની વિગત મળતી માહિતી મુજબ, આંકલાવ રેન્જના ગંભીરા ભાઠા વિસ્તારમાં અનુસૂચિ 2માં સમાવિષ્ટ નીલગાયનો શિકાર કરવામાં આવ્યો હતો. આ બાબતની જાણ થતા જ વન વિભાગની ટીમ હરકતમાં આવી હતી અને તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. સામાજિક વનીકરણ વિભાગ આણંદના નાયબ વન સંરક્ષક અને મદદનીશ વન સંરક્ષકના માર્ગદર્શન હેઠળ રેન્જ ફોરેસ્ટ ઓફિસર રાધિકા જોષી તથા તેમની ટીમે આ ઓપરેશન પાર પાડ્યું હતું.

આ આરોપીઓની ધરપકડ અને કાયદાકીય કાર્યવાહી વન વિભાગે આ કેસમાં અશરફ ખાન હરિભાઈ રાજ, લાલસિંહ પ્રતાપસિંહ મહિડા, અરબાઝ ખાન દિનેશભાઈ રાજ, અશફાક હુસેન આસિફ મિયા મલેક અને અનવર ભાઈ ઉર્ફે બાધર હુસેન ભાઈ વેરિયા એમ કુલ 5 શખ્સોની ધરપકડ કરી તેમને કોર્ટ સમક્ષ હાજર કર્યા હતા. આ પૈકીના 4 આરોપીઓએ જામીન મેળવવા અરજી કરી હતી, જે કોર્ટે રદ કરી દીધી છે.

# નડિયાદમાં માર્ગ-મકાન વિભાગમાં પ્રમોશન મામલે વિવાદ સર્જાયો

**પંચાયત** સેવાના સિનિયર ઈજનેરોને અન્યાય

(પ્રતિનિધિ) નડિયાદ તા.23

ખેડા જિલ્લા સહિત સમગ્ર રાજ્યના માર્ગ અને મકાન વિભાગમાં નાયબ કાર્યપાલક ઈજનેરના પ્રમોશનની પ્રક્રિયાને લઈને ગંભીર વિવાદ સર્જાયો છે. વિભાગમાં વર્ષોથી ફરજ બજાવતા સિનિયર અધિકારીઓને અન્યાય કરી, જુનિયર કર્મચારીઓને બઢતી આપવાની હિલચાલ તેજ બનતા કર્મચારી આલમમાં ભારે અસંતોષ વ્યાપ્યો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, વર્ષ 1998 પછીની સિનિયોરિટી યાદીઓને યોગ્ય રીતે અપડેટ કર્યા વગર જ સીધી વર્ષ 2026ની સંકલિત યાદી તૈયાર કરી દેવામાં આવી છે. આ પ્રક્રિયામાં વર્ષ 2014, 2016 અને 2017 દરમિયાન સીધી ભરતીથી આવેલા પંચાયત વિભાગના અધિક મદદનીશ ઈજનેરોનો સમાવેશ કરવામાં આવ્યો નથી. જો આ અધિકારીઓને યોગ્ય ક્રમ આપવામાં આવે, તો તેઓ રાજ્ય સેવાના અનેક અધિકારીઓ કરતા સિનિયર સાબિત થાય તેમ છે.

એવો આક્ષેપ થઈ રહ્યો છે કે, રાજ્ય સેવાના જુનિયર અધિકારીઓને વહેલી તકે પ્રમોશન અપાવવા માટે પંચાયત સેવાના અધિકારીઓને જાણીજોઈને પ્રક્રિયાથી દૂર રાખવામાં આવ્યા છે. આ ઉપરાંત, વર્ષ 1983ના જૂના સરકારી ઠરાવનું મનઘડત અર્થઘટન કરીને બંને સેવાઓ વચ્ચે ભેદભાવ ઊભો કરવામાં આવી રહ્યો હોવાનું મનાય છે. આ વિસંગતતાને કારણે વિભાગમાં બે જૂથો પડી ગયા છે અને આગામી સમયમાં મામલો કોર્ટ સુધી પહોંચવાની પૂરેપૂરી શક્યતા છે.

અન્યાયનો અનુભવ કરી રહેલા અધિકારીઓ હવે આ મામલે સરકારમાં ઉચ્ચ સ્તરે લેખિત રજૂઆત કરી ન્યાય માંગવાની તૈયારી કરી રહ્યા છે. પારદર્શિતાના અભાવે કર્મચારીઓના નૈતિક જુસ્સા પર માઠી અસર પડી રહી છે. હાલમાં સરકાર કે વિભાગ તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી, પરંતુ જો સમયસર યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો આ વિવાદ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી શકે છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### ચારુસેટની આરપીસીપી કોલેજ દ્વારા રાજ્ય કક્ષાનો સ્પોર્ટ્સ ફેસ્ટિવલ યોજાયો



**આણંદ |** ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટી સંલગ્ન રમણભાઈ પટેલ કોલેજ ઓફ ફાર્મસી દ્વારા રાજ્યકક્ષાનો સ્પોર્ટ્સ ફેસ્ટિવલ યોજાયો હતો. જેમાં રાજ્યની 18 કોલેજોના 429થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. પ્રોવોસ્ટ ડો. અતુલ પટેલ અને રજિસ્ટ્રાર ડો. બિનીત પટેલ દ્વારા ઉદ્ઘાટિત આ કાર્યક્રમમાં ક્રિકેટ, વોલીબોલ, કબડ્ડી અને ચેસ જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. ડો. મનન રાવલ અને ડો. સમીર પટેલના માર્ગદર્શન હેઠળ આયોજિત આ મહોત્સવનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં ટીમવર્ક, સ્પોર્ટ્સમેન સ્પિરિટ અને હેલ્ધી કોમ્પીટીશનને પ્રોત્સાહન આપવાનો હતો.

### આણંદની એનએસ પટેલ આર્ટ્સ કોલેજના એનસીસી કેડેટ્સે રાષ્ટ્રીય કેમ્પમાં ગૌરવ વધાર્યું



**આણંદ |** આણંદની એન.એસ. પટેલ આર્ટ્સ કોલેજના 6 એનસીસી કેડેટ્સે આસામના કોખરાજહર ખાતે આયોજિત 'સ્પેશિયલ નેશનલ ઇન્ટિગ્રેશન કેમ્પ'માં ભાગ લઈ સંસ્થાનું નામ રોશન કર્યું છે. આ કેમ્પમાં કેડેટ્સે શિસ્ત અને ટીમ વર્ક સાથે 'ગુજરાતની ઝાંખી' પ્રસ્તુત કરી રાજ્યની ભાતીગળ સંસ્કૃતિની ઓળખ આપી હતી. કોલેજના આ કેડેટ્સે મેરેથોન સ્પર્ધામાં પ્રભાવશાળી દેખાવ કરી મેડલ્સ મેળવ્યા હતા અને વિવિધ જીવનકૌશલ્યોની તાલીમ મેળવી હતી. આ વિશેષ સિદ્ધિ બદલ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ અને કોલેજ પરિવારે તમામ કેડેટ્સને અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્યની કામના કરી હતી.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### ગોધરના ચુથાના મુવાડાની પ્રવીણ વિદ્યાલયમાં 'વિશ્વ ચકલી દિવસ'ની ઉજવણી કરાઈ




**લુણાવાડા |** મહીસાગર જિલ્લાના ગોધર તાલુકાની પ્રવીણ વિદ્યાલયમાં વિદ્યાર્થીઓમાં પક્ષીઓ પ્રત્યે કરુણા અને જીવદયાના ભાવ જાગૃત કરવા માટે 'વિશ્વ ચકલી દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે જ્ઞાન સહાયક ભરત ચૌહાણે ધો. 9 અને 11 ના વિદ્યાર્થીઓને પક્ષીઓ માટે અગાશી પર પાણીના કુંડા મૂકવા અને ચણ નાખવા અંગે વિસ્તૃત સમજ આપી હતી. શિક્ષિકા આરતીબેન ભોઈ દ્વારા પક્ષીઓ માટે ઉપયોગી ફૂલ-છોડ રોપવા અને પક્ષી પ્રેમના સંકલ્પ લેવડાવતા વિદ્યાર્થીઓએ પર્યાવરણ જાળવણીની પ્રતિજ્ઞા લીધી હતી.

### રાજ્યકક્ષાના એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટિવલમાં ચકલાસીના શિક્ષકનો વિજ્ઞાન પ્રોજેક્ટ ચમક્યો



**નડિયાદ |** નડિયાદમાં યોજાયેલા ત્રણ દિવસીય રાજ્યકક્ષાના ફેસ્ટિવલમાં ખેડા જિલ્લાના ચકલાસીના શિક્ષક નિમેષકુમાર ઠક્કરે 'રમકડાંથી વિજ્ઞાન'નો નવતર પ્રોજેક્ટ રજૂ કર્યો હતો. આ ઇનોવેશનનો મુખ્ય હેતુ બાળકોમાં રમત-ગમત દ્વારા વિજ્ઞાન પ્રત્યે રસ જગાડવાનો અને જટિલ પ્રયોગોને સરળ અને વ્યવહારિક રીતે સમજાવવાનો છે. નિમેષકુમાર પોતાની યુ ટ્યુબ ચેનલ 'સાયન્સ પ્રોજેક્ટ્સ બાય નિમેષ ઠક્કર' દ્વારા પણ રાજ્યભરના વિદ્યાર્થીઓને ઘરે બેઠા વિજ્ઞાન શીખવવાની સેવા આપી રહ્યા છે. રાજ્યકક્ષાના મંચ પર ખેડા જિલ્લાના આ સર્જનાત્મક શૈક્ષણિક અભિગમની વિશેષ નોંધ લેવાતા સ્થાનિક શિક્ષણ જગતમાં આનંદની લાગણી ફેલાઈ છે.

### મહીસાગર વન વિભાગ અને નેચર ફાઉન્ડેશન દ્વારા 'વિશ્વ ચકલી દિવસ' નિમિત્તે ચકલીઘરનું વિતરણ



**લુણાવાડા |** મહીસાગર વન વિભાગ અને નેચર ફાઉન્ડેશન દ્વારા 'વિશ્વ ચકલી દિવસ' નિમિત્તે લુણાવાડામાં ચકલીના માળાના વિતરણનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. લુણાવાડા મહિલા પોલીસ ચોકી પાસે લોકોને કૃત્રિમ માળા આપીને ચકલીઓના સંરક્ષણ અને સંવર્ધન માટે પર્યાવરણ પ્રેમીઓને ખાસ અપીલ કરવામાં આવી હતી. ચકલીઓ પોતે ઝાડ પર માળો બનાવી શકતી ન હોવાથી, તેમના લુપ્ત થતા અસ્તિત્વને બચાવવા માટે આવા કૃત્રિમ ચકલીઘર મૂકવા અત્યંત જરૂરી છે. ઇકોલોજીકલ સિસ્ટમનું સંતુલન જાળવવા અને આ નાનકડા જીવને આવનારી પેઢી માટે સુરક્ષિત રાખવા સૌને આ અભિયાનમાં જોડાવા પ્રોત્સાહિત કરાયા હતા.

### સંતરામપુરમાં વિશ્વ ચકલી દિવસ નિમિત્તે 'ચકલી ઘર'નું વિતરણ કરાયું




**સંતરામપુર |** સંતરામપુર ખાતે 'વિશ્વ ચકલી દિવસ' નિમિત્તે પક્ષીઓના સંરક્ષણ માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ટીમ, ફોરેસ્ટ વિભાગ અને સંતરામપુર એનિમલ હેલ્પ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સહિયારો પ્રયાસ હાથ ધરાયો હતો. પર્યાવરણ જાળવણીના ભાગરૂપે આ ત્રણેય સંસ્થાઓના સહયોગથી મોટી સંખ્યામાં 'ચકલી ઘર'નું વિતરણ કરવામાં આવ્યું હતું. લુપ્ત થતી જતી ચકલીઓને બચાવવાના આ ઉમદા કાર્યમાં વિવિધ ટીમોએ ઉત્સાહભેર જોડાઈને પ્રકૃતિ પ્રેમી સંદેશ પાઠવ્યો હતો..

### લુણાવાડામાં ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું



**લુણાવાડા |** દાહોદ જિલ્લાના પ્રવાસે જઈ રહેલા પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્માનું મહીસાગરના લુણાવાડા ખાતે આગમન થતા કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. લુણાવાડાના પરશુરામ ચોક ખાતે તેમણે ભગવાનના દર્શન કર્યા હતા, જ્યાં વિવિધ સમાજના આગેવાનો અને ભાજપ સંગઠન દ્વારા તેમનું ઉમળકાભેર સ્વાગત કરાયું હતું. પૂર્વ ધારાસભ્ય જિગ્નેશ સેવકના નિવાસસ્થાને યોજાયેલી આ મુલાકાતમાં જિલ્લા ભાજપ પ્રમુખ અને અન્ય હોદ્દેદારોની ઉપસ્થિતિમાં સંગઠનલક્ષી ચર્ચા કરવામાં આવી હતી. કાર્યકરોમાં નવો જોમ અને ઉત્સાહ ભરીને જગદીશ વિશ્વકર્માએ તમામનો આભાર માન્યો હતો.

### ગળતેશ્વરના કુણી ગામમાં ભજન સંતવાણીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો



**ગળતેશ્વર |** ગળતેશ્વર તાલુકાના કુણી ગામે સ્વ. જશુભાઈ ગુલાબભાઈ નાયકના અવસાન નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પવા માટે ભજન સંતવાણીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અવિનાષ બારોટ, અરવિંદ બારોટ અને પારુલબેન બારોટ સહિતના નામાંકિત કલાકારોએ તેમના કંઠે સુંદર ભજનોની પ્રસ્તુતિ કરી હતી. સંગીત ક્ષેત્રના જાણીતા તબલાવાદક જીતુભાઈ બારોટ અને મંજીરાના માણીગર અનિલભાઈ બારોટે પોતાની કલા દ્વારા વાતાવરણને ભક્તિમય બનાવ્યું હતું. ઉપસ્થિત કલાકારોએ ભજન દ્વારા સ્વર્ગસ્થને શ્રદ્ધાંજલિ અર્પી પરિવારને સાંત્વના પાઠવી હતી.

### મહીસાગરના વિરણીયામાં આગામી સ્થાનિક ચૂંટણીઓ માટે ભાજપની સંગઠન બેઠક યોજાઈ



**લુણાવાડા |** વિરણીયા જિલ્લા પંચાયત સીટ પર આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની રણનીતિ તૈયાર કરવા માટે ભાજપ દ્વારા સંગઠનની મહત્વની બેઠક યોજવામાં આવી હતી. જિલ્લા પંચાયત પ્રમુખ દર્શનભાઈ બારીયા અને વરિષ્ઠ આગેવાનોની ઉપસ્થિતિમાં બુથ લેવલની મજબૂતી અને સરકારી યોજનાઓને લોકો સુધી પહોંચાડવા અંગે વિસ્તૃત ચર્ચા થઈ હતી. આ બેઠકમાં વિવિધ ગ્રામ પંચાયતોના સરપંચો અને કાર્યકરોએ મોટી સંખ્યામાં હાજર રહી છેવાડાના વિસ્તારો સુધી સંગઠનને એકજૂથ કરવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

### વિવિડ ઇલેક્ટ્રોમેક લિમિટેડનો આઈપીઓ ૨૫ માર્ચથી ખુલશે, 130.53 કરોડનું લક્ષ્ય

**વડોદરા |** લો-વોલ્ટેજ અને મીડિયમ-વોલ્ટેજ ઇલેક્ટ્રિક પેનલ્સના ઉત્પાદન ક્ષેત્રે કાર્યરત વિવિડ ઇલેક્ટ્રોમેક લિમિટેડ તેનો આઈપીઓ (IPO) આગામી 25મી માર્ચ, 2026 ના રોજ લોન્ચ કરવા જઈ રહી છે. આ ઈશ્યુ 30મી માર્ચ, 2026 સુધી રોકાણકારો માટે ખુલ્લો રહેશે. કંપની આ ઈશ્યુ દ્વારા અપર પ્રાઇઝ બેન્ડ પર કુલ □130.53 કરોડ સુધીની મૂડી એકત્ર કરવાની યોજના ધરાવે છે. આ આઈપીઓ માટે શેરદીઠ □528 થી □555ની પ્રાઇઝ બેન્ડ નક્કી કરવામાં આવી છે અને લઘુત્તમ લોટ સાઇઝ 240 શેરની રાખવામાં આવી છે. આ ઈશ્યુમાં 18,84,000 નવા શેર (Fresh Issue) અને 4,68,000 શેર ઓફર ફોર સેલ (OFS) હેઠળ રજૂ કરવામાં આવશે, જેનું લિસ્ટિંગ એનએસઈ (NSE) ઇમર્જ પ્લેટફોર્મ પર થશે. કંપનીના ચેરમેન અને એમડી સમીર વિશ્વનાથ અટ્ઠાવરે જણાવ્યું હતું કે, આ ભંડોળનો ઉપયોગ અંબરનાથ ખાતે નવું મેન્યુફેક્ચરિંગ યુનિટ સ્થાપવા, દેવાની ચુકવણી અને કાર્યકારી મૂડીની જરૂરિયાતો પૂરી કરવા માટે કરવામાં આવશે. આ ઈશ્યુના બુક રનિંગ લીડ મેનેજર હેમ સિક્યોરિટીઝ લિમિટેડ છે.

### નડીઆદ મનપાની વિભાગવાર મુસદ્દારૂપ મતદાર યાદીની પ્રાથમિક પ્રસિધ્ધિની નકલ ઉપલબ્ધ કરવામાં આવશે

**નડીઆદ |** નડીઆદ મહાનગરપાલિકાના નાગરિકોને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે, નડીઆદ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૨૬ના કામે ઉપયોગમાં લેવામાં આવનાર તમામ વોર્ડ/ વિભાગવાર મુસદ્દારૂપ મતદાર યાદીની પ્રાથમિક પ્રસિધ્ધિ આજરોજ તા.૨૩/૦૩/૨૦૨૬ ના રોજ કરવામાં આવેલ છે. જેની નકલ મહાનગરપાલિકાની કચેરી ખાતે ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. જે કચેરી સમય દરમ્યાન સવારના ૧૦.૩૦ કલાકથી સાંજના ૧૭.૦૦ કલાક દરમ્યાન નડીઆદ મહાનગરપાલિકા કચેરી, સરદાર ઉધાન, સ્ટેશન રોડ, નડીઆદ ખાતેથી જોઇ શકાશે જેની જાહેર નોંધ લેવા મતદાર નોંધણી અદિકારીશ્રી અને મ્યુનિસિપલ કમિશનર શ્રી, નડીઆદ મહાનગરપાલિકાની જાહેર નોટીસમાં જણાવ્યુ છે.

